દાખલ તારીખ :—૧૮/૦૧/૨૦૧૭
નોંઘ્યા તારીખ :—૧૮/૦૧/૨૦૧૭
ફેંસલ તારીખ :—૨૦/૦૧/૨૦૧૭
સમય : ૦ વર્ષ,૦ માસ—૦૨ દિવસ

**અમરેલીના મહે. અધિક સત્ર ન્યાયાધીસશ્રીની અદાલતમાં,**
**મુ. અમરેલી.**

ફો. પ. અ. નં. ૩૨/૨૦૧૭
આંક—

અરજદાર :— **ધર્મેશ ઉર્ફે ધમો મનુભાઈ વાળા,**
ઉ.વ.આ.૩૦, ધંધો—ખેતીકામ,ધર્મે—હિન્દુ,
રહે. અમરેલી.
રહે. હાલઃ—જીલ્લા જેઈલ—અમરેલી.

<u>વિરુદ્ધ</u>

સામાવાળા :— શ્રી સરકાર.

**વકીલશ્રીઓ,**

| | | |
|---|---|---|
| અરજદાર તર્ફે વિ.વ.શ્રી | : | એફ.વાય.મુસાણી. |
| સામાવાળા શ્રી સરકાર તર્ફે વિ.ડી.જી.પી.શ્રી | : | એમ.બી.સોલંકી. |

**અરજ :— ક્રિમીનલ પ્રોસીઝર કોડ કલમ—૪૩૯ અન્વયે દિન—૧૦ ના વચગાળાના જામીન ઉપર મુકત કરવા અરજ...**

—:**ઠરાવ**:—

૧. અરજદાર—આરોપી તરફે અરજીમાં એવુ જણાવેલ છે કે, તેઓની સામે અમરેલી તાલુકા પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ફ. ૪૯/૨૦૧૫, ભારતીય ફોજદારી ધારાની કલમ—૩૦૨, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૨૦૧, ૩૪, ૧૨૦(બી) અન્વયેનો આક્ષેપ કરી ફરીયાદ આપવામાં આવેલ છે. તેમણે તેમની અરજીમાં વધુમાં જણાવેલ છે કે, સદર ગુનાના કામે તપાસ કરનાર અમલદારે તેઓની ધરપકડ કરેલ છે અને હાલ તેઓ જયુડિશ્યલ કસ્ટડીમાં છે. વધુમાં અરજદાર/આરોપીએ તેમની અરજીમાં જણાવેલ છે કે, તેમની દિકરી નિહારીકાને ડેન્ગયુ થઈ ગયેલ હોય અને શરીરમાં શ્વેતકણ ઓછા થઈ ગયેલ હોય જેના કારણે તાત્કાલીક બહાર સારવાર માટે લઈ જવી પડે તેમ હોય, પરિવારમાં અન્ય કોઈ પુરુષ ન હોય,તેમની દિકરીની સારવાર કરાવી શકે તે માટે દિન—૧૦ ના વચગાળાના જામીન ઉપર મુકત કરવા હાલની અરજ કરેલ છે. વધુમાં તેઓએ જણાવેલ છે કે, નામદાર કોર્ટ જે શરતો ફરમાવશે તે શરતોનુ પાલન કરશે જેથી તેઓએ વચગાળાના દિન—૧૦ ના જામીન ઉપર મુકત કરવા અરજ કરેલ છે.

૨. આ કામે અરજદાર/આરોપી તરફે આપેલ અરજી વંચાણે લેવામાં આવેલ છે. સદર અરજી સાથે રજૂ કરવામાં આવેલ દસ્તાવજી પુરાવાનુ લીસ્ટ વંચાણે લેવામાં આવેલ છે અને સદર કામે અરજદાર/આરોપીના વિ.વ.શ્રીની દલીલ વિગતવારની સાંભળવામાં આવેલ છે તેમજ વિ.સરકારી વકીલશ્રીની દલીલ સાંભળવામાં આવેલ છે અને તપાસ કરનાર અમલદારનું સોગંદનામું વંચાણે લેવામાં આવેલ છે.

૩. આ કામના અરજદાર/આરોપી તથા બીજા આરોપીઓ ઉપર ફરીયાદપક્ષનો એવો આક્ષેપ છે કે, આ કામના ફરીયાદીના પતિ સુરા કાના કાબરીયાએ સને—૨૦૦૩ ની સાલમાં આરોપી ધર્મેશ ઉર્ફે ધર્મેન્દ્રના પિતા મનુભાઈ બાવભાઈ વાળાનું ખૂન કરેલ જેથી આ કામના આરોપી ધર્મેશ ઉર્ફે ધર્મેન્દ્રએ પોતાના પિતરાઈ ભાઈઓ સાથે મળી સને—૨૦૧૦ ની સાલમાં ફરીયાદીના પતિનું ખૂન કરેલ જેથી બંન્ને પરિવારોની ખૂની વૈમનશ્ય અને મનદુઃખના કારણે સદર બનાવના દોઢેક મહિના પહેલા આરોપી ધર્મેન્દ્રએ મરનાર અર્જુનભાઈ સુરેશભાઈ કાબરીયા (ફરીયાદીના

દિકરા) સાથે તકરાર કરેલ જેના કારણે આરોપીઓએ એકસંપ થઈ ગુન્હાહીત કાવતરૂ રચી ફરીયાદીના દિકરા અર્જુનને લાલાવદર ગામની કેરીયા નાગસના રસ્તે આવેલ સીમવાડીમાં ટાટા ઝેનોન ગાડી મરનાર ઉપર ચડાવી દઈ મરનાર ઉપર ધોકા, પાઈપ જેવા જીવલેણ હથીયારો વડે માર મારી મોત નિપજાવી તેની લાશ તથા મોટર સાયકલ કેરીયા નાગસ દૂધાળા રોડ ઉપર ફેંકી દઈ ભારતીય ફોજદારી ધારાની કલમ–૩૦૨, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૨૦૧, ૩૪, ૧૨૦(બી) મુજબનો ગુનો કરેલાનો આક્ષેપ છે. આ કામે તપાસ કરનાર અમલદારે હાલના અરજદાર/આરોપી તથા બીજા આરોપીઓને અટક કરેલ છે અને તેઓ હાલ જયુડિશ્યલ કસ્ટડીમાં છે. અરજદાર/આરોપી સામે ગંભીર પ્રકારના ગુનાનો આક્ષેપ છે. તપાસ કરનાર અધિકારીએ તેમના સોગંદનામામાં આરોપીએ પેરોલ દરમ્યાન પોતાના રહેણાંક વિસ્તારમાં મારામારી કરી ફરીયાદી તથા સાહેદને જાનથી મારી નાંખવાની કોશીષ કરેલ છે જેથી વચગાળાના જામીન મંજુર નહી કરવા નમ્ર અરજ કરેલ છે. વધુમાં અરજદાર/આરોપીએ તેમની અરજીમાં જણાવેલ છે કે, તેમની દિકરી નિહારીકાને ડેન્ગયુ થઈ ગયેલ હોય અને શરીરમાં શ્વેતકણ ઓછા થઈ ગયેલ હોય જેના કારણે તાત્કાલીક બહાર સારવાર માટે લઈ જવી પડે તેમ હોય, પરિવારમાં અન્ય કોઈ પુરુષ ન હોય, તેમની દિકરીની સારવાર કરાવી શકે તે માટે દિન–૧૦ ના વચગાળાના જામીન ઉપર મુકત કરવા હાલની અરજ કરેલ છે. પરંતુ તે સંબંધે કુટુંબના માણસો સંભાળ રાખી શકે છે, તેવા સંજોગોમાં આપેલ જામીન અરજી નામંજુર કરવી વ્યાજબી, ન્યાયી અને ઉચીત જણાય છે જેથી આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

**હુકમ.**

અરજદાર–**આરોપી ધર્મેશ ઉર્ફે ધમો મનુભાઈ વાળાની** વચગાળાના જામીન ઉપર મુકત કરવાની અરજી **નામંજુર** કરવામાં આવે છે.

ચુકાદો આજરોજ તા. **૨૦** મી માહે **જાન્યુઆરી** સને **૨૦૧૭** નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

અમરેલી.

**તા.૨૦–૦૧–૨૦૧૭.**

**( એન.પી.ચૌધરી )**
અધિક સત્ર ન્યાયાધીશ,
અમરેલી.

**GJ00374**